# ખેડા તાલુકાના ખુમારવાડથી એકતા યાત્રાનો પ્રારંભ થયો

નડિયાદ,તા.૨૦

આગામી તા.૩૧ ઓકટોબર સરદાર પટેલ જયંતિએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા રાષ્ટ્રને અર્પણ થનાર સરદાર સાહેબની વિરાટ પ્રતિમા વિશ્વના સૌથી ઉંચા સ્ટેચ્યું ઓફ યુનિટીના લોકાર્પણ પૂર્વે સરદાર સાહેબના એકતા અને અખંડિતતાનો સંદેશ ગામે ગામ,ઘરે ઘરે ગુંજતો કરવા ખેડા જિલ્લામાં બે તબક્કામાં એકતાયાત્રા યોજવામાં આવશે.

## ખેડા જિલ્લાના ૬૫ ગામોમાં પ્રથમ તબક્કામાં એકતા યાત્રા રથ ભ્રમણ કરશે

ખેડા જિલ્લામાં પ્રથમ તબક્કામાં ખેડા અને નડિયાદ પ્રાંત વિસ્તારના છ તાલુકાઓના ૧૬૫ ગામોમાં આગમી તા.૨૯-૧૦-૨૦૧૮ સુધી સરદાર એકતા યાત્રા પરિભ્રમણ કરશે અને ગામે ગામ સરદાર સાબેહના વિચારોને જનજન સુધી પહોચાડવામાં આવશે.તેમજ આજરોજ ખેડા તાલુકાના ખુમારવાડ ગામથી એકતા યાત્રાને વિધાનસભાના મુખ્ય દંકડ પંકજભાઇ દેસાઇ પ્રસ્થાન કરાવ્યુ હતુ.કલેકટર દ્વારા એકતાના શપથ લેવડાવ્યા હતા.ખેડા જિલ્લામાં પ્રથમ તબક્કામાં તા.૨૦-૧૦-૨૦૧૮ થી તા.૨૯-૧૦-૨૦૧૮ તેમજ બીજા તબક્કામાં તા.૧૫-૧૧-૨૦૧૮ થી તા.૨૪-૧૧-૨૦૧૮ સુધી ૩૩૦ થી વધુ ગામોમાં આ એકતાયાત્રા રથ પરિભ્રમણ કરશે.એકતા યાત્રાના પ્રથમ તબક્કામાં ખેડા પ્રાંતમાં સમાવિષ્ટ ખેડા તાલુકાના ૨૩ ગામો,માતરના ૩૦,મહેમદાવાદના ૪૫ અને નડિયાદ પ્રાંતના ૩૧ ગામો,વસોના ૧૦ અને મહુધા તાલુકાના ૨૬ ગામો એમ ખેડા અને નડિયાદ પ્રાંતના કુલ મળીને ૧૬૫ ગામોમાં એકતા રથયાત્રા પરિભ્રમણ કરશે.આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર આઇ.કે.પટેલ, ખેડા પ્રાંત અધિકારી રીટાબેન પંડ્યા, નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા, ખુમારવાડના સરપંચ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.